જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૨/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૩૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૨૧૫ લીટર દેશી દારૂ, ૧૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૮૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૫ બિયર ટીન, ૦૧ કાર અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૦૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૩૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૨૩૬/૨૦૨૬**

સરખેજઃ ઉકડભાઈ ગેલાભાઈ મુંધવા (ઉ.વ.૩૫)(રહે.ગામ.આકરૂ, તા.ધંધુકા, જુલ્લો.અમદાવાદ ગ્રામ્ય) એ તા.૧૫/૦૨/૨૦૨૬ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૨/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ ઉજાલા સર્કલબ્રીજ નિચે આરોપી ઇકબાલભાઈ રહિમભાઈ સિપાઇ (રહે.કશીસ રો–હાઉસ, મસ્તાન મસ્જીદ, સમા સ્કુલ પાસે, ફતેવાડી વેજલપુર) એ પોર્ટર કંપનીમાં એક માલ વાહક ગાડીના માસીક ભાડા રૂપિયા ૨૭,૦૦૦ મળશે તેવો ઉકડભાઈને વિશ્વાસ અને ભરોસો આપી, તેમની પાસેથી અલગ–અલગ કુલ–૧૨ માલ વાહક વાહનો કુલ કિંમત રૂપિયા ૧૮,૦૦,૦૦૦/– મેળવી લઇ, પોર્ટર કંપનીમા ભાડે નહી આપી, કહ્યા મુજબની ભાડાના રૂપિયા નહી આપી તેમજ વાહનો પરત નહી આપી ઉકડભાઇના તમામ વાહનો અન્ય વ્યક્તિઓને ગીરો પેટે વેચાણ આપી દઇ ઉકડભાઈ મુંધવા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.બોળીયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૨૩૭/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ પ્રિયાંકભાઈ હરેશભાઈ પટેલ (રહે. ત્રીજો માળ, સુવાસ એપાર્ટમેન્ટ, જે.જી.ઈન્ટરનેશનલ સ્કુલની બાજુમાં, ગુલાબ ટાવર રોડ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૬ બપોરના ૨/૩૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના તથા ઈમેટેશન જવેલરી અને રોકડ રૂપિયા ૭,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯૭,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

સોનાનું મંગળસુત્ર/ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૨૩૮/૨૦૨૬**

શહેરકોટડાઃ દિપમાલા ભાવેશભાઈ જૈન (ઉ.વ.૪૩)(રહે, ત્રીજો માળ, બીલવાકુંજ બિલ્ડીંગ, એમ.જી.રોડ, ડોમ્બીવેલી વેસ્ટ, જી.થાના, મુંબઈ) તા.૧૧/૦૨/૨૦૨૬ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે કાલુપુર રેલવે સ્ટેશન જવા સારૂ અરવિંદ મીલ નજીક રિક્ષાની રાહ જોઈ ઉભા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ દિપમાલા જૈનના ગળામાંથી સોનાનું મંગળસુત્ર પેડલ સહીત કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ દિપમાલા જૈન એ તા.૧૫/૦૨/૨૦૨૬ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ભરવાડ ચલાવે છે.

નિકોલઃ યશભાઇ દેવેન્દ્રભાઇ ગાંધી (ઉ.વ.૩૫)(રહે. ગ્રાન્ડ પુષ્કર સ્વર્ણીમ વિલા બંગ્લોઝ સામે નિકોલ) તા.૦૧/૦૨/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે નિકોલ ભક્તિ એન્કલેવ ભોળાનાથના મંદીર નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ યશભાઇના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ યશભાઇ ગાંધી એ તા.૧૫/૦૨/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

બીજા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર ચાદી નં.૨૩૯/૨૦૨૬**

ચાંદખેડાઃ વસ્ત્રાલ શ્રી શરણ એપાર્ટમેન્ટ ખાતે રહેતા મુકતેશ્વર સ/ઓ દિપન ચૌધરી (ઉ.વ.૪૦) (મુળ વતન. ગામ-રામદની, પોસ્ટ-પ્રસોડા થાના-શાહપુર જી-ભોજપુર બિહાર) તા.૧૫/૦૨/૨૦૨૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા ટી.પી.-૪૪ સકલ હોમ્સ મકાન નંબર-૯ ખાતે બીજા માળે બહારના ભાગે પાલખ ઉપર ઉભા રહી એ.એસ.પી.લગાડવાનુ કામ કરતા હતા ત્યારે પાલખ ઉપરથી પગ લપસી જતા નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એસ.એમ.એસ.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સતિષકુમાર ખુશાલભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર ચાદી નં.૨૪૦/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ વસ્ત્રાપુર સોનલ ચાર રસ્તા પાસે મહાત્મા ગાંધી વસાહત ખાતે રહેતા ઈશા વા/ઓ રવી સેવક (ઉ.વ.૨૨)(મુળ વતન. ગામ-ગેંજી વિકાસનગર તા.જોતરી જી-ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૬ કલાક ૨/૩૦ થી કલાક ૪/૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "એ" ડીવીઝન નાઓ ચલાવે છે.

રીવરફ્રન્ટ વેસ્ટઃ ગૌતમ સ/ઓ વાસુભાઈ વઢીયારી (ઉ.વ.૨૩)(રહે.ચામુંડાનગર ગેબનશાપીસ ઈસનપુર વટવા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૬ સાંજના ૬/૫૦ વાગ્યા પહેલા રિવરફ્રન્ટ સરદારબ્રીજ પાસે, ઘાટ નંબર-૧૧ નજીક નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર રણછોડભાઈ ચલાવે છે.

ઓઢવઃ અશ્વિનભાઈ વાસુદેવભાઈ પટેલ (ઉ.વ.૪૬) (રહે. ઉત્સવ સીટી હરસિદ્ધિ સોસાયટીની બાજુમાં વસ્ત્રાલ રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા ઓઢવ રોયલ હોટલના ખાંચામાં નેપ્ચ્યન એસ્ટેટ શેડ નંબર-૬ ખાતે આવેલ "દર્શન માર્કેટિંગ" નામના કારખાનામાં સુતરના પટ્ટા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી